

# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ-૨૭, 'ભગવાન અખંડ નિવાસ કરી રહે તેવી સમજણનું'નું નિરૂપણ

૨૨ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર

(ગતાંકથી ચાલુ...)

'સર્વ પ્રકારે નિવાસ કરીને રહ્યા છે' એટલે એમને બધા રોગની દવા કરતાં પણ આવડે છે. પણ સાહેબદાદા કહે છે એ પ્રમાણે, આપણી મુશ્કેલી એ છે કે, કોઈને લાલ રંગની દવા આપે અને આપણને લીલા રંગની દવા આપે એટલે તરત પૂછીએ છીએ કે, 'એને લાલ રંગની દવા અને મને લીલા રંગની દવા ?' પણ એને લાલ રંગની દવાથી રોગ મટે એવો છે અને તને લીલા રંગની દવાથી રોગ મટે એવો છે. દવા કોણે આપી ? અને તેં કેટલી લીધી-પીધી ? એના ઉપર રોગ ટળવાનો મુખ્ય આધાર છે.

બધા ભગવાન ભજે છે, પણ પ્રાપ્તિમાં ફેર પડી જાય છે. પ્રાપ્તિમાં ફેર કેવી રીતે પડે છે ? એ અનેક 'વચનામૃત'માં અનેક ઠેકાણે સ્વામિનારાયણ ભગવાને અલગ અલગ રીતે સમજાવ્યું છે. પણ અહીંયાં તો 'ભગવાન અખંડ નિવાસ કરીને રહે' એવા પાત્રનું દર્શન ભગવાન કરાવે છે. એટલે કહે છે કે, 'આવી સમજણ રાખીને જે જીવે છે તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે', અને તેની વિગત પ્રભુ હવે આપે છે.

ભગવાને આપણા શરીરમાં એવું મિશ્રણ બનાવી દીધું છે કે, આપણામાં ત્રણેય ગુણના ભાવ રહ્યા છે. જે સમયે જે ગુણનો પ્રભાવ હોય તે સમયે તેવું વર્તન માણસ કરે છે. અને ત્રીજું, ભગવાનની સાથે જોડાઈએ ત્યારે સમજણ, પ્રીતિ અને દાસત્વ - એટલે કે વિશ્વાસ; એ ત્રણનું મિશ્રણ પણ આપણામાં છે. ક્યાંક સમજણ પ્રધાન હોય, ક્યાંક પ્રીતિ પ્રધાન હોય અને ક્યાંક વિશ્વાસ પ્રધાન હોય - દાસત્વભાવ હોય, શરણાગતભાવ હોય. દરેકને પોતપોતાના અંગનો-પ્રકૃતિનો ભાવ છે. અહીંયાં મહારાજ સમજણની વાત કહે છે અને સમજણમાં ફેર પડી જાય છે એટલે પણ પ્રાપ્તિમાં ફેર પડી જાય છે, તે ભેદ સમજાવે છે.

પ્રીતિવાળામાં પણ સમજણ હોય છે. પ્રીતિવાળો જેટલો સમજણેયુક્ત પ્રેમ કરે એટલી એને ગરબડ ઓછી થાય, એટલા વિક્ષેપ ઓછા આવે. વિશ્વાસવાળો પણ જેટલો સમજણેયુક્ત વિશ્વાસ કરે એટલી એને તકલીફ ઓછી થાય. સૌથી વધારે જો અભાવ આવતો હોય તો એ સમજણવાળાને આવે છે. કારણ કે, એ બહુ સમજે છે, એને બધું ખબર છે અને સામેવાળા સાવ બુદ્ધુ છે, એમને કાંઈ ખબર નથી પડતી એવું સમજે છે; એટલે એમને સમજાવવાનો પ્રયત્ન કરે છે. અને પેલોય સામે એવો જ છે કે, સમજવા જ રાજી નથી. શું કરવા સમજે ? કારણ કે, એનું સમજણનું અંગ નથી. એ પ્રીતિના અંગવાળો છે. એ વિશ્વાસના અંગવાળો છે. આ નવનું મિશ્રણ કરીને ઈશ્વરે દરેકની અંદર એવું નાખી દીધું છે કે, સમયે સમયે જે પ્રમાણે જેનો પ્રભાવ હોય તે પ્રમાણે તે જીવ વર્તે છે. સમજણમાં ફેર પડી જાય છે એટલે પ્રાપ્તિમાં ફેર પડી જાય છે.

ભગવાન અખંડ નિવાસ કરીને રહે એવા જો સાધુ થવું હોય, એવા જો સત્સંગી થવું હોય તો સંન્યસ્ત આશ્રમ હોય કે ગૃહસ્થ આશ્રમ હોય, ભગવાનને ધારવાનો સૌનેય માટે સરળ માર્ગ છે. આજના કૅલેન્ડરમાં ભગતજી મહારાજનું સૂત્ર છે કે, 'ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે ને અંતરમાં ટાઢું જોઈને મોટા પુરુષ રાજી થાય, ને જેની ઉપર મોટા પુરુષ રાજી થાય તેનો જીવ સુખિયો થઈ જાય.' એટલે પછી હૈયામાં સુખ, શાંતિ, આનંદ, બ્રહ્માનંદ, સહજાનંદ સદાય વર્તે. ભગતજી

મહારાજ ગૃહસ્થ અને વ્યવસાયે દરજી હતા, પણ તેઓએ ગુણાતીતાનંદ સ્વામીનો રાજીપો પ્રાપ્ત કર્યો તો ભગવાન હાથવગા થઈ ગયા.

શરીર સંબંધી જે કંઈ પણ ક્રિયાઓ કરીએ ત્યારે ભગવાનની સ્મૃતિ, ગુરુની સ્મૃતિ કરીએ. ન્હાવાની ક્રિયા થતી હોય ત્યારે 'હે મહારાજ, ન્હાવ! હે ગુરુદેવ, ન્હાવ !' જમવાની ક્રિયા થતી હોય ત્યારે 'હે મહારાજ, જમો ! હે ગુરુદેવ, જમો !' આમ, પંચ ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા ક્રિયા હું કરું છું, પણ મારા ગુરુની, મારા પ્રભુની સ્મૃતિએ સહિત કરું છું; એ ભાવ શીખવાનો છે. આ ભજન કરતાં કરતાં ક્રિયા થઈ ! બાઈ ઘરમાં કામ કરતી હોય, ભાઈ ધંધો-વેપાર-વ્યવહાર કરતો હોય ત્યારે, 'એમાં મારા ગુરુ ને મારા પ્રભુ રાજી થાય એટલે કરું છું, અને એમને ના ગમે એવું મારાથી થઈ જ ના શકે'; એવું અનુસંધાન રાખીને કરે છે તો એ ભજન કરતાં કરતાં ક્રિયા થઈ ! અને આવી ક્રિયા થતી હોય તો હૈયાને વિશે અખંડ શાંતિ વર્તે છે. આ બધી વાતો બહુ વખત સાંભળી છે, બહુ વખત વાંચી છે; હવે એને આચરણમાં મૂકવાનો સમય પાકી ગયો છે.

તો સ્વામિનારાયણ ભગવાન અહીંયાં સર્વ પ્રકારે નિવાસ કરીને રહે એની વિગતે સમજણ આપે છે કે, એની સમજણ કેવી છે? કોનામાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે? એની વાત કરે છે. અને હવે ભગવાન જે કહે છે, એ સાહેબદાદાને ધારીને, એમની મૂર્તિનું ચિંતવન કરીને, એમના સ્વરૂપ પર લગાવીએ. સાહેબદાદાને આપણે ખાતા-પીતા, હરતા-ફરતા, હસતા-રમતા, આપણને વહાલ કરતા-વઢતા; બધી રીતે જોયા છે, અનુભવ્યા છે. તો સૌથી પહેલું ભગવાન એમ કહે છે કે, 'જે એમ સમજતો હોય', એટલે કે, સાહેબદાદા શું સમજે છે? હું સમજું છું-એ તો મારી સમજણ છે અને એ સંપૂર્ણ નથી, એ તો આપણે જાણીએ જ છીએ; પણ મોટા પુરુષને વિશે આપણે આ શબ્દોનું આરોપણ કરીએ.

**જે એમ સમજતો હોય જે, 'આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દસ ઇન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે, એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે.'**

સાહેબદાદા, યોગીબાપા એમના હૈયામાં પધાર્યા તે ઘડીથી 'મારા જીવનમાં જે કંઈ પણ થઈ રહ્યું છે, કરી-કરાવી રહ્યા છે, તે મારા પ્રભુ, મારા ગુરુ જ કરી-કરાવી રહ્યા છે' એવી દૃઢતાથી ભડકેલી ભેંસની સામે ઊભા રહ્યા. આપણે એ રીતે મહિમાની દૃષ્ટિએ જોઈએ તો, ભક્તની શ્રેષ્ઠ સમજણ - 'કર્તા ને હર્તા પ્રભુ છે.' કયા પ્રભુ? પરોક્ષભાવના પ્રભુ નહીં, પણ મને મળ્યા એ ! અને એવો ફુલારો દાદુકાકામાં હતો.

'જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે.' બધી યોનિઓમાં, બધી રીતે પ્રજાની ઉત્પત્તિ - આપણો સૌનોય જન્મ જળના બિંદુમાંથી થાય છે, એમ સ્વામિનારાયણ ભગવાને મર્યાદાપૂર્વક શબ્દપ્રયોગ કર્યો છે. કેટલું મોટું આશ્ચર્ય છે ! ઈશ્વરે કેવી અદ્ભુત રચના કરી છે ! પણ આ બધી રચના કરનાર કોણ છે? પેલા આકાશમાં છે એ છે ? અહીં બહુ સ્પષ્ટ શબ્દોમાં સ્વામિનારાયણ ભગવાન કહે છે, 'મને મળ્યા એવા જે ભગવાન તેનું કર્યું જ બધું થાય છે.' અને એટલે જ તો ભક્તને કાંઈ દુઃખ પડે, કાંઈ કષ્ટ પડે તો દોડીને એમની પાસે જાય છે.

ગઈ કાલે આપણે યોગીબાપાને યાદ કર્યા હતા. કોઈ કહે, 'બાપા ! વરસાદ નથી વરસતો.' તો કહે, 'કરો ધૂન.' યોગીબાપા ધૂન કરાવે એટલે વરસાદ વરસે. પછી વરસાદ બહુ વરસે ને થાય કે, હવે લીલો દુકાળ પડશે ને પાક બધો કહોવાઈ જશે, એટલે પાછું બાપાને કહે, 'બાપા ! બહુ વરસાદ પડે છે.' બાપા કહે, 'કરો ધૂન.' એટલે પાછો વરસાદ વરસતો બંધ થઈ જાય. આપણે એટલું તો માનતા હતા કે, યોગીબાપાની ધૂનથી, એમની ઇચ્છાથી, તેઓ આશીર્વાદ આપે, તેઓ ધબ્બો મારે તો આપણું કામ થઈ જાય. આજે અમે સત્સંગમાં ગામોગામ વિચરણ કરીએ ત્યારે કોઈ ને કોઈ એવો ભગત મળી જાય છે ને એમ કહે છે કે, 'મેં યોગીબાપાનો ધબ્બો ખાધેલો.' આજે એને આટલાં વર્ષો પછી પણ યોગીબાપાનો ધબ્બો યાદ છે. આ યોગીબાપાની બ્રહ્મસ્વરૂપ અવસ્થાનું દર્શન છે ! આ એમનામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અખંડ નિવાસ કરીને રહ્યા હતા ! પણ આમ આપણે જોઈએ તો, એવા ને એવા યોગીજી મહારાજ અત્યારે પણ સદેહે વિચરી રહ્યા છે. ક્યાં કંઈ ભેદ છે? એ સમજાવવા માટે આ વાત કરું છું.

**એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે, એમ સમજે, પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈએ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહીં.**

શું માને અને શું ના માને, એની પણ વિક્તિ કરીને મહારાજે એકદમ ચોખ્ખી સમજણ કરી આપી.

**અને 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે' એમ સમજે.**

જોજો હોં, 'મને મળ્યા' એ શબ્દપ્રયોગ દર વખતે આવે છે. સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ પ્રમાણ ! 'પ્રમાણ' શબ્દ પણ બહુ અગત્યનો શબ્દ છે. હવે જે ક્વૉલિટિઝ છે એની વાત આવે છે. પહેલી તો ભગવાનની વાત આવી. ભગવાનની શક્તિ, સામર્થી, ઐશ્વર્ય-પ્રતાપ, કર્તા-હર્તાપણાનો ભાવ; એ મને મળ્યા એ પ્રત્યક્ષ ભગવાન માટે છે.

**અને વળી પોતે એમ જ સમજતો હોય જે, 'ચાયે કોઈ મારી ઉપર ધૂડ નાંખો**

તમારી ઉપર કોઈ ધૂળ નાખે એટલે છેલ્લી કક્ષાનું અપમાન. કોઈ કંઈ કહી જાય, ધક્કો મારી જાય, બીજું-ત્રીજું કંઈ કરી જાય, પણ તમારા માથા ઉપર ધૂળ નાખે એટલે કે, છેલ્લી કક્ષાનું અપમાન કરે તો કેવું લાગે ? માન મળે એવી અપેક્ષા હોય અને બધા ભક્તો એ અપેક્ષા પૂરી કરતા હોય, એટલે માન લેવા માટે એ ટેવાઈ ગયેલો હોય. અને હવે એનું અપમાન થાય તો કેવું લાગે ? મરવા જેવું લાગે કે ના લાગે ? સમજજો હોં !

**ચાયે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાયે કોઈ હાથીએ બેસાડો, ચાયે કોઈ નાક, કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે.**

કેવી સમજણ છે ? સાહેબદાદાના મુખમાં આ શબ્દો આપણે મૂકીએ છીએ. સાહેબદાદાને અમે આવી બધી કપરી કસોટીમાંથી, સંજોગોમાંથી હસતા મોંઢે જીવતા અને અમને સૌનેય પણ હસાવતા અમે અમારા જીવનકાળ દરમિયાન અનુભવ્યા છે. એવા બધા ભાવ આપણા હૃદયને વિશે આવે કારણ કે, આપણે તો માનની, પ્રશંસાની અપેક્ષાથી બધું કર્યું હોય અને એને બદલે અવળું પરિણામ આવે અને અપમાન કરે, ધૂળ નાખે ને પાછું નાક-કાન કાપીને ગધેડે બેસાડે. આખા ગામ વચ્ચે આપણી આબરૂ કાઢે. ગામમાં આબરૂદાર માણસ હોય તો એને તો એમ થાય કે, આના કરતાં તો મરી જવું સારું. એને મરવા જેવું લાગે. આવા વિકટ સંજોગો આવે તો મરવાનો વિચાર આવે એટલે આપઘાત કરે. એટલે એ તો શરીર મર્યું, દેહ મર્યું, પણ દેહનો ભાવ ગયો નહીં. એટલે સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં આજ્ઞા કરી કે, 'આપઘાત કરવો નહીં.' પણ જો દેહનો ભાવ ટળી જાય તો પછી માન-અપમાન જેવું કંઈ અડે જ નહીં. હું દેહ નથી, આ તો પરબીડિયું છે અને હું તો આત્મા છું. જેને આપણે દેહાતીત અવસ્થા કહીએ છીએ, ગુણાતીત અવસ્થા કહીએ છીએ - એને સમભાવ છે.

'ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આ ભાવનું આછું દર્શન કરાવ્યું છે. સ્થિતપ્રજ્ઞ અવસ્થા ! જેની પ્રજ્ઞા - પ્રજ્ઞા એટલે દિવ્ય થયેલી બુદ્ધિ ! જેની પ્રજ્ઞા ભગવાન શ્રીહરિના ચરણોમાં સ્થિર થઈ ગઈ છે, તેને કહેવાય સ્થિતપ્રજ્ઞતા ! સ્થિતપ્રજ્ઞતા એટલે જડતા નહીં. ગમે એટલું કહીએ, સમજાવીએ, શિખવાડીએ તોય કશો સુધારો ના આવે, કાંઈ ફેરફાર ના થાય એ સ્થિતપ્રજ્ઞ દશા નથી. પણ, જેમની પ્રજ્ઞા - બુદ્ધિ દિવ્ય થઈને શ્રીહરિના ચરણોમાં સ્થિર થઈ છે, જેમને સર્વ ઠેકાણે શ્રીહરિનાં જ દર્શન થાય છે, અને એ ભાવથી જ સર્વને જુએ છે, જાણે છે ને માણે છે ; અને એટલે જ તો એ સૌની સાથે રસબસ થઈ શકે છે. એમને મન ગમતાં ને નહીં ગમતાં છે જ નહીં, કોઈ ભેદ નથી. એમની પ્રજ્ઞા સ્થિર થઈ ગઈ છે એટલે એમને બધે જ ભગવાન જ દેખાય છે. ને તેમ છતાંય તે કોઈકને પ્રેમ કરે છે-કોઈકને વઢે છે, કોઈકને વધારે આપે છે-કોઈકને ઓછું આપે છે ને કોઈકને કશુંય નથી આપતા; એટલે આપણને એમનામાં મનુષ્યભાવ દેખાય છે. આ બહુ અઘરી પરીક્ષા છે. પણ તેઓ તો સ્થિતપ્રજ્ઞ છે. તેમને તો સમભાવ - સરખો ભાવ છે. સાહેબ એટલે ? મહિમાનો અસ્ખલિત પ્રવાહ, અખંડ પ્રવાહ ! દિન-પ્રતિદિન વધતો જાય, ઘટતો ના જાય એટલો મહિમા ! એટલે સાહેબદાદા માહાત્મ્ય સ્વરૂપ છે, માહાત્મ્ય સમ્રાટ છે ! આવા ક્યારે થવાય ? સમભાવ થયો હોય તો !

**તથા જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે ; તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે.**

'ગઢડા મધ્યનું ૩૦ વચનામૃત - સોનું ને સ્ત્રી બંધન ના કર્યાનું.' સ્ત્રી અને ધન બંધન કરી શકે નહીં. આ સંસારને બાંધી રાખવા માટેનું ઈશ્વરે સર્જેલું બહુ મોટું પરિબળ છે, એક સ્ત્રી અને બીજું ધન. આ બે ના હોય તો જીવવાની મજા આવે ? તમે જ કહો. પછી જીવવાનું શું ? અને કોના માટે જીવવાનું ? મજા ત્યાં જ છે. અને સાધુને માટે કહ્યું, સ્ત્રી અને ધન એ બે એને માટે બંધનકારી બનતાં નથી, પણ એ એને મોક્ષ પ્રાપ્ત કરવાનાં સાધન તરીકે વાપરી જાણે છે. એમ, આવા જે સાધુ છે જેને આ બધી બાબતોમાં સમભાવ છે, એને સ્ત્રી અને ધન બંધનકારી નથી. કારણ કે, એને બંને સરખું છે. સુવર્ણનો ઢગલો હોય કે પથ્થરનો ઢગલો હોય એને મન સરખું છે. એટલે શું એમને પારખતાં નહીં આવડતું હોય કે, આ પથરા છે અને આ સોનું છે ? પથરા ને સોનાનો ભેદ તો એમને પરખાય, પણ તે છતાંય તેઓ એની વિક્તિ કરતા નથી. એમને બંનેને વિશે સમભાવ છે. એટલે કે, એનાથી એ રાજી પણ નથી અને એનાથી

નારાજ પણ નથી. એમની પાસે એમની પોતાની મસ્તી છે અને એ મસ્તીમાં જ એ મસ્ત છે. એટલે યુવાન સ્ત્રી હોય, વૃદ્ધ સ્ત્રી હોય એનું એમને આકર્ષણ પણ થતું નથી. કેવા સાધુ થવાનું ? તે માટે સાધુનાં આ લક્ષણ બતાવ્યાં છે. અને એવા સાધુ થઈએ તો એમાં ભગવાન નિવાસ કરીને રહે છે. સુપાત્ર-પાત્ર એવું ચોખ્ખું શુદ્ધ અને પવિત્ર બને તો એમાં અમૃત ભરાય.

**એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે.**

બહુ અગત્યનો શબ્દ છે - 'જે ભક્ત હોય'. અહીં 'જે સાધુ હોય' એવું નથી લખ્યું. મહારાજે આ વાત ક્યાં કરી છે ? સાધુની જાયગામાં. પણ ત્યાગી-ગૃહી, આબાલવૃદ્ધ, બાઈ-ભાઈ સૌને લાગુ પડે તેવી વાત છે. કારણ કે, આપણે સૌ ભગવાનની ભક્તિ કરીએ છીએ. તિલક-ચાંદલો કરીને, ગળામાં કંઠી પહેરીને બજારમાં નીકળીએ એટલે જગતમાં તો લોકો આપણને 'ભગત' તરીકે ઓળખે છે, જાણે છે. ભગત તો છીએ જ આપણે. અને એવા શુભ ગુણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન આવીને વસે છે, અંદર આવીને નિવાસ કરે છે. નિવાસ - નિજ વાસ - પોતાને રહેવાની જગ્યા કરે છે. અને તે કેવી રીતે નિવાસ કરે છે ? આવ્યા એ આવ્યા, હવે ત્યાંથી જવાના નહીં, હવે ત્યાંથી ખસવાના પણ નહીં.

ગુણાતીતાનંદ સ્વામીએ આપણને સમજણ પડે એવી ભાષામાં કહ્યું કે, 'ભૂત વળગે તો છોડતું નથી તો અમે શેના છોડીશું ?' વળગ્યા જ છીએ અમે તમને. અને એવા વળગ્યા છીએ કે, આજે સમજો કે લાખ વર્ષ કેડ્યે સમજો, પણ વળગ્યા એ વળગ્યા, બ્રહ્મરૂપ કરીને જ મૂકીશું. એક વાતમાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, 'આજે તો સર્વને બ્રહ્મરૂપ કરવા છે.' 'આજ તો' શબ્દ ફરીથી આવ્યો. મને મળ્યા અને ક્યારે મળ્યા? મને આજે - અત્યારે મળ્યા. એક બહુ સરસ સુંદર કીર્તન છે : 'તો સૌને મળશે એ સુખ આજે અને અત્યારે...' યોગીબાપા કહેતા, 'અહીંયાં કલ્યાણ રોકડું છે, વાયદો નહીં.' મર્યા પછીની વાત નહીં. છતે દેહે - ખાતા-પીતા, હરતા-ફરતા, પહેરતા-ઓઢતા, લહેરિયા મારતા - સાથે સાથે અક્ષરધામના સુખના ભોક્તા કરવાના. આ કેવી સુંદર યોજના કે, છતે દેહે અક્ષરધામની વાત કરી ! છતે દેહે - મર્યા પછીની વાત નહીં, વાયદો નહીં. આજે - અત્યારે રોકડી વાત છે.

અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. હવે તે ભક્તના ખોળિયામાં ભગવાને નિવાસ કરી દીધો. સ્વામિનારાયણ ભગવાનને પણ કેટલી બધી જીભ ઝાલીને બોલવું પડતું હશે કે, 'મારા આ ગુણાતીત સાધુમાં હું અખંડ નિવાસ કરું છું' એવી રોકડી વાત સાધુની જાયગામાં પણ કહી શકતા નથી. એટલે કહે છે કે, 'એવા ભક્તના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે.' તો એમના સમયમાં કોણ ભગવાન હતા? કે, તે આવીને નિવાસ કરવાના ? પણ, તેઓ કહેવા એમ માગતા હતા કે, 'મારું જે રહેવાનું ધામ - ગુણાતીતાનંદ સ્વામી, એમનામાં હું અખંડ રહ્યો છું.' એટલે ચાલો, આપણે લાંબે ગાળે આ સમજ્યા, પણ આપણે એ પકડી લીધું કે, ગુણાતીતાનંદ સ્વામીમાં ભગવાન અખંડ રહ્યા છે. તો પછી સાહેબનું શું ? એની વાત કરોને ? તો મારા સમયમાં સાહેબ એવા સમભાવવાળા, સમત્વભાવવાળા, એવા અનંત રૂડા ગુણે યુક્ત સાધુ છે! ભગવાન એમ કહે છે કે, 'એમનામાં અમે અખંડ નિવાસ કરીને રહ્યા છીએ.'

અને હવે ભગવાને એમાં પ્રવેશ કરી લીધો. આપણે પહેલા દિવસે વાત કરી હતી કે, શાંતિદાદા દક્ષિણ ભારતની યાત્રાએ ગયા તો બધા ભક્તોને ભાવ એવો થયો કે, શાંતિદાદાના સ્વરૂપે સાહેબદાદા જ પધાર્યા છે, સહેજેય ઓછું નથી. એમને આવો ભાવ કેમ થયો ? સાહેબદાદાને ધારીને શાંતિદાદાએ દક્ષિણ ભારતની યાત્રા કરી. સાહેબદાદાનું બુકિંગ થયેલું હોવા છતાં કૅન્સલ થયું તોય કોઈ ભક્તને રંચ માત્ર એવો ભાવ થતો નથી કે, સાહેબદાદા ના આવ્યા. કોઈ એમ પૂછતું નથી કે, કેમ સાહેબદાદા ના આવ્યા ? જુઓ, સાહેબના સાધુમાં સાહેબને જોતા થઈ ગયા, કેટલી સમજણ આગળ વધી ! તો આપણે તો સાહેબદાદા અખંડ ભગવાનનું તત્ત્વ ધારણ કરીને હરે છે, ફરે છે, ખાય છે, પીએ છે, બોલે છે, ચાલે છે, મારા જેવા થઈને મારી સાથે વર્તે છે; પણ તે છતાંય તેઓ કંઈક નોખા છે, કંઈક જુદા છે, એટલે કે દિવ્ય છે, અને તોય ભગવાન તો પરના પર છે.

ભગવાનના સેવક થઈને રહેવાય, ભગવાનના દાસ થઈને રહેવાય, ભગવાનના ભક્ત થઈને રહેવાય; પણ જો ભગવાન થવાનો ધંધો કર્યો તો દંડા ખાવાનો વારો આવે. ભગવાન થવાનો ધંધો કરવો નહીં. હું જે કંઈ પણ છું તે તારે લીધે છું, તારું દીધેલું છે, તારું તણખલું ખાઉં છું. આવો દાસત્વભાવ, આવો રાંકભાવ, આવો શરણાગતભાવ, આવો પ્રીતિનો ભાવ ભગવાનની સાથે થાય ત્યારે ભગવાનનો સાધુ બન્યો ! અને તો પછી એ સાધુ કહે એમ ભગવાન કરે છે.

(ક્રમશઃ) ◆